# દહેગામ તાલુકાના 30 ગામમાં એકતાયાત્રા: ઠેર ઠેર સ્વાગત કરાયું

» સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમાને ગ્રામજનો દ્વારા ફૂલહાર

**નવગુજરાત સમય** > ગાંધીનગર



ગાંધીનગર જિલ્લામાં એકતા રથયાત્રાનું ગામેગામ ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવી રહ્યું છે. આજ દિન સુધી એટલે કે તા. ૨૨મી ઓકટોબર સુધીમાં એકતા રથયાત્રાએ દહેગામ તાલુકાના ૩૦ ગામોમાં ફર્યો છે.

દહેગામતાલુકાનારખિયાલગામખાતે થીતા. ૨૦મીના રોજ દેશની એકતા અને અખંડિતતાના શિલ્પી અને લોખડી પુરૂષ એવા સરદાર વલ્લભભાઈને ભાવાંજલિ આપવા માટેની એકતા રથયાત્રાનો આરંભ કરવામાં આવ્યો હતો. આ રથ હાલમાં દહેગામ તાલુકાના વિવિધ ગામોમાં ફરી રહ્યો છે. તા. ૨૨ સુધીમાં આ રથ દહેગામ તાલુકાના ૩૦ ગામોની મુલાકાત લીધી છે.

આજે રથ દહેગામ તાલુકાના અમરાજીના મુવાડા, વાસણાસોગઠી, શિયાવાડા, અરજણજીના મુવાડા, મોતીપુરા, મહુડીયા, નજુપુરા, સાંબેલા, મોટી પોવઠી, દેવ.મુવાડા ગામમાં ફર્યો હતો. દરેક ગામમાં રથને ગ્રામજનો દ્વારા ઉત્સાહ પૂર્વક આવકારવામાં આવ્યો હતો. રથમાં મુકવામાં આવેલી ગુજરાતના સપુત અને લોખંડી પુરૂષ સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમાને ગ્રામજનો ફૂલહાર કર્યા હતા. ગ્રામજનો પણ મોટી સંખ્યામાં રથને જોવા ઉમટી રહ્યાં છે.